અમદાવાદ ખાતે માસક્ષમણ કરી રહેલ ભગવંત-આચાર્ય અને તપસ્વીઓને પારણાં કરાવતાં મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે અમદાવાદ ખાતે માસક્ષમણ કરી રહેલ ૨૨૫ જેટલાં ભગવંત-આચાર્ય અને તપસ્વીઓને પારણાં કરાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, અહિંસા, અનેકાંત અને અપરિગ્રહના ભગવાન મહાવીરના સિધ્ધાંતોને ચરિતાર્થ કરી દિવ્ય અને ભવ્ય ગુજરાતનું નિર્માણ કરવું છે. વિજય રૂપાણીએ જણાવ્યું કે, પર્યૂષણના પવિત્ર પર્વે આચાર્ય ભગવંતોના આશિર્વાદથી તપ અને આરાધના થતી હોય છે. તેમણે જણાવ્યું કે, તપસ્વીઓના તપથી જીવ માત્રનું કલ્યાણ થતું હોય છે અને મંગલ કાર્યો સફળ થતા હોય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સિધ્ધાંતોનું અનુસરણ કરતાં સૌના સાથ - સૌના વિકાસના મંત્રથી સૌનું કલ્યાણ થાય તેવા આચાર્ય-ભગવંતોના આશિર્વાદની તેમણે કામના કરી હતી. આ પારણાં પ્રસંગે ધારાસભ્ય રાકેશભાઈ શાહ, મેયર ગૌતમભાઈ શાહ, જૈન ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત એનસીપીમાં ભંગાણ

૧૮ આગેવાનોએ છેડો ફાડ્યો : પક્ષના હાઇકમાન્ડ પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે સ્પષ્ટ ન કરતાં એનસીપીમાંથી રાજીનામા પડ્યા

અમદાવાદ,તા. ૨૬

ગુજરાતમાં રાજયસભાની થોડા સમય પહેલાં યોજાયેલી ચૂંટણી વખતે એનસીપીના બે મતોને લઇ ભારે વિવાદ સર્જાયો હતો. એનસીપીના હાઇકમાન્ડ એવા પ્રફુલ પટેલે એનસીપીના બે મતો કોને મળ્યા તે મુદ્દે આજદિન સુધી વારંવારની પૃચ્છા અને મુલાકાત છતાં સ્પષ્ટતા નહી કરતાં ગુજરાતના એનસીપીના નારાજ નેતાઓ અને આગેવાનોએ આજે એક અસાધારણ ઘટનાક્રમમાં એનસીપી સાથેનો છેડો ફાડી નાંખ્યો હતો. આ સાથે જ ભાજપ અને કોંગ્રેસ વચ્ચેની લડાઈ અને રાજકારણની કશમકશ વચ્ચે એનસીપીના વિવાદનો એક નવો ફણગો ફુટયો છે. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ, કોર કમીટીના સભ્ય વિજય ગઢવી સહિતના ૧૮ આગેવાન નેતાઓએ આજે એકસાથે એનસીપી સાથે છેડો ફાડવાની સત્તાવાર જાહેરાત કરતાં ગુજરાતમાં એનસીપીનું ઉઠમણું થઇ ગયું છે. આ ૧૮ મોટા માથાઓ સાથે તેમની સાથે સંકળાયેલા પંદરથી વીસ હજાર જેટલા કાર્યકરો પણ એનસીપી સાથેનો છેડો ફાડી નાંખે તેવી પૂરી શકયતા છે. જેને લઇ આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રફુલ પટેલે ૧૮૨ બેઠકો પરથી એનસીપીના ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી હતી ત્યારે એનસીપીને ચૂંટણી લડવાના અને ગણ્યીગાંઠી બેઠકો જીતવાના સપના પર જાણે આજે ઠંડુ પાણી રેડાઇ ગયું હતું. એનસીપી હાઇકમાન્ડ દ્વારા આજે ગુજરાતના પક્ષના પ્રવકતા મનહર પટેલને સસ્પેન્ડ પણ કરી દેવાયા હતા. જો કે, તેમણે સામેથી જ પક્ષ છોડવાની જાહેરાત કરી દીધી હતી. એનસીપીના ગુજરાતના પ્રવકતા મનહર પટેલ અને કોર કમીટીના સભ્ય વિજય ગઢવીએ જણાવ્યું હતું કે, રાજયસભાની ચૂંટણી વખતે પક્ષના હાઇકમાન્ડ દ્વારા ઓન પેપર લેખિતમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા એહમદ પટેલને મત આપવાનો વ્હીપ જારી કર્યો હતો પરંતુ બીજીબાજુ, હાઇકમાન્ડ દ્વારા ફોન કરીને એનસીપીના ધારાસભ્યોને ભાજપને મત આપી દેવાની ગંદી રાજનીતિ ખેલાય છે. જેના કારણે આજદિન સુધી આ વાતને લઇ ભારે અસમંજસની અને અસ્પષ્ટતાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે કે, એનસીપીના બે મતો મળ્યા કોને? પ્રજા પણ અમને પૂછી રહી છે, અમે વિશ્વાસથી તમને જીતાડયા છે ત્યારે તમારા ધારાસભ્યોએ મતો કોને આપ્યા પરંતુ અમે પ્રજાના આ પ્રશ્નોનો જવાબ આપી શકતા નથી. કારણ કે, પક્ષના હાઇકમાન્ડને વારંવારની પૃચ્છા અને રજૂઆત છતાં તેનો જવાબ અમને હજુ સુધી અપાયો નથી.

છેલ્લે તા.૧૮મી ઓગસ્ટે અમદાવાદમાં પ્રફુલ પટેલ સાથેની બેઠકમાં અમે આ વાતનો જવાબ માંગ્યો ત્યારે તેમણે પણ જવાબ આપવામાંથી હાથ ઉંચા કરી દીધા હતા. એનસીપી ગાંધી મૂલ્યોની રખેવાળી કરવાવાળી અને જનસેવા કરવાવાળી પાર્ટી છે, તે પાર્ટીમાં આવા ફાસીવાદી અને તકવાદી વિચારો ચાલે નહી. રાજકારણમાં બેમોઢાની વાતો ચાલે નહી. એકબાજુ લેખિતમાં ઓનપેપર અલગ વ્હીપ અને ફોન પર બીજા વ્હીપની વાત ગુજરાતના રાજકારણમાં અને ગુજરાતની પ્રજાને સ્વીકાર્ય નથી.

વલસાડની નદીઓમાં પાણીનું સ્તર ભયજનક સ્તરે, તબાહીની શક્યતા

ગાંધીનગર, તા.૨૬

હાલમાં વલસાડ જિલ્લાની નદીઓ બે કાંઠે વહી રહી છે અને એમાં ભરપૂર પાણી આવ્યું છે. હકીકતમાં ઉપરવાસમાં ભારે વરસાદથી પાણીની આવક નોંધાઈ છે અને આર, પાર, નાર, માન તેમજ ઔરંગા નદીમાં પાણીનું સ્તર વધી ગયું છે.

નદીઓમાં આ પાણીનું સ્તર અચાનક વધી જતા પારડીના વાઘછીપા ગામે ૩ મહિલાઓ તણાઈ ગઈ હતી. હકીકતમાં બંને મૃતકો નદી કાંઠે પૂજા કરવા બેઠા હતા ત્યારે આ ગમખ્વાર ઘટના બની છે. આ સંજોગોમાં તબાહીની શક્યતા વધી ગઈ છે. હાલમાં સમગ્ર ઘટનાક્રમ પર વહીવટીતંત્રની નજર છે.

પ્રધાનમંત્રી મોદી ૧૭મીએ ગુજરાતમાં

છઠ્ઠીથી ૧૫મી વચ્ચે નર્મદા મહોત્સવ યાત્રા : સરકારની જુદી જુદી યોજનાના લાભ કઈ રીતે પહોંચ્યા છે તે અંગે માહિતી અપાશે : ચૂંટણીને લઇને પણ તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે ગુજરાતમાં નર્મદા યાત્રામાં હાજરી આપવા માટે પહોંચે તેવી શક્યતા છે. આની તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના વિધાનસભાની ચૂંટણી પણ આ વર્ષે મોડેથી યોજાનાર છે. આવી સ્થિતિમાં મોદીની તેમના વતન રાજ્યની મુલાકાતને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નર્મદા મહોત્સવ યાત્રામાં ભાગ લેવા માટે મોદી પહોંચનાર છે. છઠ્ઠી સપ્ટેમ્બર અને ૧૫મી સપ્ટેમ્બર વચ્ચે રાજ્ય સરકાર યાત્રા યોજના છે. આ યાત્રા શરૂઆતમાં જુલાઈ અને ઓગસ્ટમાં યોજવાની તૈયારી હતી પરંતુ ગુજરાતમાં ભારે વરસાદ અને પુરની સ્થિતિના કારણે કાર્યક્રમને મોકૂફ કરવામાં આવ્યો હતો. ભાજપ સરકાર યાત્રા દરમિયાન રાજ્યભરમાં ૮૦ રથ લઈને ફરનાર છે. ગામો અને શહેરોને આવરી લેવામાં આવશે. નર્મદા પ્રોજેક્ટના લાભ, સરકારની જુદી જુદી યોજનાઓના લાભ લોકો સુધી કઈરીતે પહોંચ્યા છે તે અંગેની માહિતી આપવા માટે આનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ છેલ્લે ૨૫મી જુલાઈના દિવસે ગુજરાતની મુલાકાત લીધી હતી તે વખતે મોદીએ પુરગ્રસ્ત ઉત્તર ગુજરાતની મુલાકાત લીધી હતી અને ૫૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરી હતી. નર્મદા બંધની પૂર્ણાહૂતિની ઉજવણી કરવા માટે ભાજપ દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી છે. જોકે, ભારે વરસાદના કારણે અગાઉની તૈયારીઓ ધોવાઈ ગઈ હતી.

અક્કઈ તપ આરાધના

સ્વામી સદાનંદ ભારતી
સેક્ટર-૩૦

કાઠિયાવાડી ભોજનનો અસલ સ્વાદ હવે ગાંધીનગર શહેરમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને આસપાસ વસતા નાગરિકોને હવે અસલ કાઠિયાવાડી ભોજનનો સ્વાદ ઘરઆંગણે મળી રહે તેવી વ્યવસ્થાનું નિર્માણ થયું છે. ગાંધીનગર શહેરના પાદરે સરગાસણ ચાર રસ્તા પર ગિરનાર કાઠિયાવાડી રેસ્ટોરન્ટ શરૂ થઈ છે, જ્યાં અસલ કાઠિયાવાડી ભોજન સ્વાદના શોખીનોને પિરસવામાં આવે છે.મૂળ સૌરાષ્ટ્રના રહેવાસી દિવ્યાબેન મગનભાઈ ઉમરેઠીયા દ્વારા આ રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવી છે અને તેના માટે રસોયા પણ સૌરાષ્ટ્રથી જ લાવવામાં આવ્યા છે, જેથી અસલ સૌરાષ્ટ્રનો સ્વાદ ભોજનમાં પ્રાપ્ત થઈ શકે. અને માત્ર સ્વાદ જ નહીં, ભોજનની ગુણવત્તા બાબતે પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જેમ કે શુદ્ધ સીંગતેલમાં જ અહીં ભોજન તૈયાર કરાય છે, ખાસ પ્રકારના ઘઉંનો ઉપયોગ રસોઈ માટે કરવામાં આવે છે, ભોજન સાથે મિનરલ વૉટર જ ગ્રાહકોને આપવામાં આવે છે અને પાપડ પણ સૌરાષ્ટ્રથી લાવવામાં આવે છે.

અસલ કાઠિયવાડી સ્વાદ સાથે છાશ એ અહીંની ખાસ વિશેષતા છે, જે ગાંધીનગરની અન્ય કોઈ રેસ્ટોરન્ટમાં જોવા નથી મળતી. ગિરનાર કાઠિયાવાડી મધુર ડેરીની છાશ પિરસે છે, જેની ગાંધીનગરના નાગરિકોને ટેવ છે. પરંતુ, અહીં વિશેષતા એ છે કે અનલિમિટેડ ભોજન સાથે છાશ પણ અનલિમિટેડ ઑફર કરવામાં આવે છે. એ ઉપરાંત અહીં દહીં પણ ખાસ પ્રકારે વાડકીમાં જ જમાવવામાં આવે છે, જેનું આકર્ષણ ગ્રાહકોમાં બહુ જાગ્યું છે. ૯૫૦ સ્ક્વેર ફિટની વિશાળ જગ્યામાં ૭૦ માણસો આરામથી બેસીને જમી શકે એટલી ક્ષમતા છે. અનુભવી સ્ટાફ ગ્રાહકોને સત્કારવા ને સંતોષ આપવા તત્પર છે અને સૌથી ખાસ વાત કે અહીં ભોજન કરનારને સૌરાષ્ટ્રના સ્વાદ ઉપરાંત સૌરાષ્ટ્રના લોકોનાં વિશાળ દિલ અને આગ્રહપૂર્વક ભોજન પિરસવાના ભાવનો પણ અહેસાસ થાય છે. માત્ર ૯૯ રૂપિયામાં અનલિમિટેડ ગુજરાતી થાળી અહીં ઉપલબ્ધ છે!

ગાંધીનગરમાં સ્વાદના જે રસિયાઓ ગિરનાર કાઠિયવાડી રેસ્ટોરન્ટમાં સ્વાદની મજા માણી આવ્યા છે તેઓ હવે અહીંના કાયમી ગ્રાહક બની ગયા છે. 'આવું કાઠિયાવાડી ખાણું ગાંધીનગરમાં ક્યાંય નથી ખાધું' એવો મત તેમણે પ્રગટ કર્યો છે.

અમદાવાદ શહેરમાં હળવા વરસાદી ઝાપટા પડતા લોકોમાં ઉત્સુકતા જોવા મળી હતી.

રાજ્યમાં આજથી ત્રણ દિવસ અતિભારે વરસાદની આગાહી

ધોધમાર વરસાદના વિરામ બાદ ફરી રાજ્યમાં ભારે વરસાદના એંધાણ વર્તાઈ રહ્યાં છે. બે દિવસ પહેલાં અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના કેટલાક ભાગમાં વરસાદ પડયો હતો. જોકે હાલમાં પશ્ચિમ બંગાળની ખાડીમાં વરસાદી સિસ્ટમ સક્રિય બની હોવાની વિગતો સામે આવી છે. આ સિસ્ટમ ગુજરાત તરફ આગળ વધી રહી હોવાથી આગામી ૨૭, ૨૮ અને ૨૯ ઓગસ્ટ આ ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં અતિભારે વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી જારી કરી છે. બીજી તરફ મુશળધાર વરસાદ પડયો હોવા છતાં વાતાવરણમાં બાફ અને ઉકળાટનું પ્રમાણ ઓછું થયું નથી. ભર ચોમાસામાં ગરમી અનુભવાઈ રહીં છે.જેને લઈ નાગરિકો હેરાન-પરેશાન બન્યા છે. અમદાવાદમાં ચાલુ વર્ષે મોસમનો ૩૫ ઈંચથી વધારે વરસાદ પડયો છે. ચાલુ વર્ષે ઉત્તર ગુજરાતમાં મેઘતાંડવ બાદ ભારે જાનહાનિ થઈ હતી. જો કે, હવે સ્થિતિ ધીમે-ધીમે થાળે પડી રહીં છે. રાજ્યભરમાં ચાલુ વર્ષે મોસમનો ૮૫ ટકા કરતાં વધારે વરસાદ નોંધાઈ ચૂક્યો છે. રાજ્યના જળાશયોમાં પણ પાણીની નોંધપાત્ર આવક થઈ છે.

મધર ટેરેસાની જન્મજયંતિની ઉજવણી

અમદાવાદ,તા. ૨૬

ભારત રત્ન કરૂણામૂર્તિ મધર ટેરેસાની ૧૦૭મી જન્મજયંતિ નિમિતે આજે શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની માનવ અધિકાર સમિતિના ઉપપ્રમુખ જયોર્જ ડાયસ, પ્રભાતસિંહ રાજપૂત, નોએલ ક્રિશ્ચિયન, કાલીઅપન મુદલીયાર, રાજુ પંચાલ સહિતના અગ્રણીઓની હાજરીમાં ભદ્ર ખાતે મધર ટેરેસાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના અધૂરા કાર્યો આગળ ધપાવવાનો અને નફરત છોડો, માનવ જોડોના પ્રયત્નો કરવાનો અનોખો સંકલ્પ લેવાયો હતો. સમિતના આગેવાનોએ મધર ટેરેસના નામના સૂત્રોચ્ચાર કરી તેમના વિશ્વશાંતિના સંદેશા અને સેવાના રસ્તે આગળ વધવા સૌને અનુરોધ કર્યો હતો. માનવ અધિકાર સમિતિના ઉપપ્રમુખ જયોર્જ ડાયસ અને રાજુ પંચાલે જણાવ્યું હતું કે, તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૧૦ના રોજ જન્મેલા મધર ટેરેસાએ ભારત સહિત વિશ્વભરના લાચાર, અશકત, કુષ્ટ રોગી, દુખી અને પીડિત લોકોની સેવા કરી તેઓને પ્રેમ આપ્યો હતો. તેમની અનોખી સેવા અને બલિદાન બદલ તેમને મધર ટેરેસાને ભારત રત્ન, નોબલ પુરસ્કાર, પદ્મશ્રી સહિતના અનેક એવોર્ડથી સન્માનિત કરાયા છે. કરૂણા અને વાત્સલ્યની મૂર્તિ મધર ટેરેસાએ વિશ્વમાં નવી ચેતના અને નવું ગૌરવ પૂરું પાડયું હતું. તેમણે ઉમેર્યું કે, આજના સમયમાં દેશમાં નફરતનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે ત્યારે મધર ટેરેસાનો નફરત છોડો, માનવ જોડોનો સંદેશો જરૂરી અને અનિવાર્ય છે. દેશમાં લોકોએ એકબીજા પ્રત્યેની નફરત છોડી પ્રેમભર્યા સંબંધો સ્થાપી દેશની એકતા અને અખંડિતતા માટે આગળ ધપવું જોઈએ.

૮ જવાન શહીદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાને ૨૦૧૪માં ૧૫૩ વાર સીઝફાયર કર્યુંહતું. તેમાં ૩ જવાન શહીદ થયા હતા જ્યારે ૨૯ જવાન ઘાયલ થયા હતા. ૨૦૧૫માં ૧૫૨ વખત અને ૨૦૧૬માં ૨૨૮ વખત આ ઘટના બની હતી. તેમાં ૧૦ અને ૧૩ જવાન ઘાયલ થયા હતા.

૨૦૧૫થી આ વર્ષે ૧૧ જુલાઈ સુધીમાં આર્મી પર ૨૭ વખત આતંકી હુમલા થયા હતા. જેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. આ સિવાય ૨૦૧૪થી આ વર્ષે ૧૧ જુલાઈ સુધીમાં એલઓસી પર ઘુસણખોરીનો ૮૪ વખત પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમાં ૧૪૨ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા અને સેનાના ૨૯ જવાન શહીદ થયા હતા.

જોરદાર ફટકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નુકસાન કર્યું છે તે લોકોની ઓળખ કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવશે જેથી નુકસાનની ભરપાઈ કરી શકાશે. કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જે લોકોને નુકસાન થયું છે તે લોકોની ભરપાઈ કરવામાં આવશે. ડેરાની તમામ સંપત્તિ સીલ કરી દેવામાં આવે. સંપત્તિઓની એક યાદી તૈયાર કરવામાં આવે જેને આગામી આદેશ સુધી વેચવામાં અથવા તો ટ્રાન્સફર કરી શકાશે નહીં. આ ઉપરાંત પંજાબ અને હરિયાણાના ડેપ્યુટી કમિશનર લોકોને થયેલા નુકસાન માટે ક્લેઇમ પિટિશન લેશે જેથી જજની સામે રજૂ કરીને મુલ્યાંકન કરવામાં આવશે. કલમ ૧૪૪ લાગૂ કરાઈ હોવા છતાં પંચકુલામાં લાખો લોકો એકત્રિત કરવાને લઈને સરકારની આજે ફરી એકવાર ઝાટકણી કાઢવામાં આવી હતી. દરમિયાન ૩૬ ડેરા આશ્રમોને સીલ કરી દેવામાં આવ્યા છે. સિરસાના ડેરાને ખાલી કરાવવાના પ્રયાસ થયા છે. અસામાજિક તત્વો ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે. પોલીસના આદેશ બાદ સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના આશ્રમમાંથી સમર્થકો બહાર નિકળવા લાગી ગયા હતા. મુખ્ય સચિવે આદેશ કરતા કહ્યું હતું કે, ફરજ પર બેદરકારી રાખનાર સામે કાર્યવાહી થશે. શાંતિ સ્થાપિત કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે. આજે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર જારી રહ્યો હતો. દરમિયાન એવું પણ જાણવા મળ્યું છે કે, હરિયાણાના એડિશનલ એડવોકેટ જનરલને બરખાસ્ત કરી દેવાનો નિર્ણય કરાયો છે. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જ હવે આગળની કાર્યવાહી થશે. જેલમાં જ સુનાવણી કરવામાં આવે તેવી શક્યતા છે. રામ રહીમને પંચકુલામાં રજૂ કરાશે નહીં. હરિયાણાના ડીજીપી બીએસ સંધુએ આજે આ મુજબની માહિતી આપી હતી.

શક્તિ પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રધાન અખિલેશ યાદવ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે. શરદ યાદવ અને નીતિશ કુમાર વચ્ચે ખેંચતાણ વધારે તીવ્ર બની શકે છે. કારણ કે હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ શરદ યાદવ માટે જેડીયુના પ્રતિક માટે લડાઈ લડવા માટે કમર કસી ચુક્યા છે. પટણાના ગાંધીન મેદાન ખાતે ૨૭મી ઓગષ્ટના દિવસે લાલુ વિશાળ રેલી યોજવા માટેની તૈયારી કરી રહ્યા છે. વિપક્ષી એકતાની તાકાતનો પરિચય આપવાના તેમના ઈરાદામાં સફળતા ન મળે તેવી વકી છે. લાલુ પ્રસાદ યાદવે કહ્યુ હતુ કે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને માયાવતી આ કાર્યક્રમમાં ભાગ લેશે નહી. જો કે કોંગ્રેસ તરફથી ગુલામ નબી આઝાદ અને સીપી જોશી ભાગ લેશે. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી આ કાર્યક્રમમાં હાજરી આપનાર છે.

અખિલેશ અને શરદ પણ હાજરી આપનાર છે. વિપક્ષની એકતા આમાં જોવા મળી શકે છે. ભાજપ ભગાવો દેશ બચાવો રેલીમાં ભાગ લેતા પહેલા નારાજ નેતા શરદ યાદવે કહ્યુ છે કે તેઓ રેલીમાં હાજરી આપવા માટે ઉત્સુક છે. એનડીએમાં સામેલ થવા માટે તેની સાથે નીતિશ કુમારે છેડો ફાડી લીધો હોવા છતાં મહાગઠબંધન અકબંધ છે તે બાબત દર્શાવવા માટે તેઓ રેલીમાં ભાગ લેનાર છે. શરદ યાદવની સામે શિસ્તના પગલાની તલવાર

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ને પરિસ્થિતિ બદલાઈ છે - પરિમાણો બદલાય છે. વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવન સુધી આવાજ આટાપાટા ચીતરાતા જાય છે..!! એમાંથી સીફતપૂર્વક બચવું અને બચાવવા એ જ સાચો માનવ ધર્મ..!!"

"હં... હં...અં... લાખ રૂપિયાની વાત કરી... બદલાતા સમય સંજોગોમાં આ વાત સૌ સમજે અને સમજાવે તો અરાજકતા ઓછી કરવાનો માર્ગ દેખાય..!!"

- નિમિત્ત માત્ર

૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સર્વેલન્સ દરમ્યાન ૧૪૬ દર્દીઓ શંકાસ્પદ જણાયા હતા જે પૈકી ૭૪ દર્દીઓ બી કેટેગરીના હોવાથી તેમને ટેમીફ્લુની સારવાર પીએચસી કક્ષાએથી જ શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં હાલ ૨૩ દર્દીઓ હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ છે. જે પૈકી બે વેન્ટીલેટર પર અને ૨ દર્દી બાયપેપ પર હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લામાં નોંધાયેલ કેસો પૈકી ૫૫ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ ઉપરાંત આજે વધુ ૪ દર્દીઓને પણ રજા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં કલોલ અને ગાંધીનગરમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. ઓગષ્ટ માસ દરમ્યાન જ ૭૮ જેટલા કેસ સામે આવ્યા છે.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

છોડવાની જરૂર છે. જો સત્તાપક્ષ ખરેખર કોઈ સારું કામ – સારી યોજના લાવે જે પ્રજાહિતમાં હોય તો વિરોધ પક્ષે પણ એનો સ્વીકાર કરીને વખાણ ના કરે તો કંઈ નહી પણ એની ટીકા તો ના જ કરવી જોઈએ. કેમ કે પણ તોળાઈ રહી છે.

પ્રજા આવા વિરોધોની નોંધ પણ રાખતી હોય છે. સકારાત્મક વિરોધના પરિણામો પણ હંમેશાં સારા જ મળે છે.

આપણી કરૂણતા એ છે કે આપણે ત્યા વ્યક્તિલક્ષી રાજનીતિ ખેલાય છે. કાર્યલક્ષી નહીં. અહીં વ્યક્તિઓ એકબીજાને પછાડવા-હરાવવા-નીચા દેખાડવા શામ-દામ-દંડ અને ભેદની નીતિ અપનાવે છે. પણ કાર્યને કોઈ જોતું નથી. અને આવી નકારાત્મક રાજનીતિ એકાદ વખત કદાચ સફળ થઈ શકે વારંવાર નહીં. અગાઉની રાજનીતિના માપદંડો પદ, પૈસો અને પ્રભાવ હતા અને હવે ચૂંટણી જીતવાના માપદંડો કામ, નિષ્ઠા અને પ્રામાણિકતા હશે.

ભાજપામાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ પોતાની સૌમ્ય પ્રતિભાથી સૌને પ્રભાવિત તો કર્યા છે. સંગઠિત પણ રાખ્યા છે. વળી ઉપરથી નમો અને અમિત શાહનો પ્રભાવ, પ્રતિષ્ઠા અને માર્ગદર્શનો પણ બેવડો લાભ આ ચૂંટણીઓમાં મળશે જ. તો વળી કોંગ્રેસમાં મુખ્યમંત્રીશ્રી ખુરશી ઉપર બેસવા માટે ચાર વજીરો પોતાની ચાલ રમી રહ્યા છે. જે કોંગ્રેસ માટે સૌથી મોટો ખતરો છે. કોંગ્રેસની હારનું કારણ "એકતામાં વિવિધતા" છે. જે ખરેખર મુખ્યમંત્રી તરીકે સર્વસ્વીકૃત બની શકે એમ છે તેઓ એમ નથી કહેતા કે મારું નામ જાહેર કરશો. મારું વ્યક્તિગત માનવું છે કે આ વખતે જો ગુજરાતની સમગ્ર ચૂંટણીનું સુકાન શ્રી શક્તિસિંહ ગોહિલને સોંપવામાં આવશે તો ચોક્કસ કોંગ્રેસ સારા પરિણામો મેળવી શકશે કદાચ અણધાર્યા પરિણામો પણ મળે. અને ફરીથી સોનાનો સૂરજ ઊગે. પણ પારિવારિકવાદ, ધૃતરાષ્ટ્રપણું, જ્ઞાતિ-જાતિના સમીકરણો, પ્રદેશની વાડાબંધી, વૈચારિક ભેદો, જુનિયર સિનીયરના માપદંડો. ... આ બધુ છોડીને કોંગ્રેસ એક છત્ર નીચે એક ધ્વજ નીચે જો નિષ્ઠા પૂર્વક સમર્પિતભાવથી પ્રમાણિકતાથી ચૂંટણી લડશે તો ગુજરાતમાં ત્રીજા વિકલ્પની બિલકુલ જરૂર નહી રહે. અન્યથા પુનઃ ગુજરાત નામના સરોવરમાં કમળ ખીલશે અને આખા સરોવરને સુશોભિત કરશે.

વંદે માતરમ...

- 9426060601.india@gmail.com